# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા.

2) ભારતે ફ્રાન્સ સાથે 26 રાફેલ દરિયાઈ લડાકુ વિમાન ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા.

3) જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ પહલગામ આતંકવાદી હુમલાની કડક ટીકા કરતો ઠરાવ પસાર કર્યો.

4) છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં 24 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

5) કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ નવી દિલ્હીમાં આયુષ્માન ભારત પ્રધાન મંત્રી વય વંદના યોજનાનો પ્રારંભ કરાવ્યો.

6) I.P.L. માં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સ સામે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત પ્રથમ નાગરિક સન્માન સમારોહમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા. પદ્મ પુરસ્કારો ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે - પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. પુરસ્કાર વિજેતાઓમાં ડી નાગેશ્વર રેડ્ડીનો સમાવેશ થાય છે જેમને દવામાં તેમના યોગદાન બદલ પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જાપાનના ઓસામુ સુઝુકી જેમને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શેખર કપૂર, પીઆર શ્રીજેશ, એસ અજિત કુમારને પદ્મ ભૂષણ મળ્યો. ક્રિકેટર રવિચંદ્રન અશ્વિન, પૂર્વ SBI ચેરમેન અરુંધતી ભટ્ટાચાર્યને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા.

ગુજરાત રાજ્યના પદ્મ પુરસ્કાર વિજેતાઓમાં ફાર્મા ઉદ્યોગના અગ્રણી અને ઉદ્યોગપતિ પંકજ આર. પટેલને, વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા.

'સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ', ગુજરાતના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ હરિલાલ સોનીને સામાજિક કાર્ય માટે, સુપ્રસિધ્ધ ગુજરાતી કવિ અને ગીતકાર તુષાર શુક્લને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રમાં અને કલા ઇતિહાસકાર અને સંગ્રહાલય નિષ્ણાત- પ્રો.રતનકુમાર પરીમુને કલા ક્ષેત્રે અને જાણીતા કવિ અને નિબંધકાર સ્વર્ગસ્થ ચંદ્રકાંત શેઠને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા.

# India-France Rafale

ભારતે ફ્રાન્સ સાથે 26 રાફેલ દરિયાઈ લડાકુ વિમાન ખરીદવા માટે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. નવી દિલ્હીમાં આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ફ્રેન્ચ સશસ્ત્ર દળના મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

26 રાફેલ દરિયાઈ વિમાનોમાંથી 22 સિંગલ સીટર અને ચાર ડબલ સીટર છે. આ ભારતીય નૌકાદળની જરૂરિયાતો અનુસાર ડિઝાઇન અને ઉત્પાદન કરવામાં આવશે. આ વિમાનો 2030 સુધીમાં ભારતને સોંપવામાં આવશે.

આ કરારમાં તાલીમ, સિમ્યુલેટર, સંબંધિત સાધનો, શસ્ત્રો અને પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સનો સમાવેશ થાય છે. આમાં ભારતીય વાયુસેનાના હાલના રાફેલ કાફલા માટે વધારાના સાધનોનો પણ સમાવેશ થાય છે. આ સોદાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે હજારો નોકરીઓ અને આવકનું સર્જન થવાની અપેક્ષા છે.

રાફેલ દરિયાઈ લડાકુ વિમાનોનો નૌકાદળમાં સમાવેશ થતાં, તેની તાકાત અનેકગણી વધી જશે. રાફેલ દરિયાઈ લડાકુ વિમાનો INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત જેવા વિમાન વાહક જહાજો પર તૈનાત કરવામાં આવશે. રાફેલ આધુનિક શસ્ત્ર પ્રણાલીઓ અને મિસાઇલોથી સજ્જ હશે.

# Jammu and Kashmir Legislative Assembly

જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ આજે પહલગામ આતંકવાદી હુમલાની કડક ટીકા કરતો ઠરાવ પસાર કર્યો. ઠરાવમાં આ હુમલાને એક જઘન્ય, બર્બર, અમાનવીય અને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું હતું. તેને ગૃહ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું. ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે આવા આતંકવાદી કૃત્યો કાશ્મીરીયતના મૂલ્યો, બંધારણના મૂલ્યો, એકતા, શાંતિ અને સૌહાર્દની ભાવના પર સીધો હુમલો છે.

વિધાનસભાએ તાજેતરના આતંકવાદી હુમલાના પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. ગૃહે પ્રવાસીઓને બચાવવા માટે પોતાનો જીવનો બલિદાન આપનારા સૈયદ આદિલ હુસૈનની બહાદુરીની પ્રશંસા કરી. ગૃહે કેન્દ્ર સરકારના રાજદ્વારી પગલાંને પણ ટેકો આપ્યો. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી, પીપલ્સ કોન્ફરન્સના નેતા સજ્જાદ ગની લોન, ભારતીય જનતા પાર્ટીના નેતા સુનિલ શર્મા, કોંગ્રેસના નેતા ગુલામ અહેમદ મીર, માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા એમ.વાય. તારિગામી અને પીડીપી નેતા વહીદ-ઉર-રહેમાન પારા સહિત અન્ય નેતાઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

# Kashmir- End of terrorism

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે કાશ્મીરમાં આતંકવાદની શરૂઆત બાદ પ્રથમ વખત પહલગામ હુમલા પછી આતંકવાદ સામે બળવો કર્યો છે.

આજે જમ્મુ-કાશ્મીર વિધાનસભાના ખાસ સત્રમાં, તેમણે સમગ્ર પ્રદેશમાં શોક અને નિંદાની સ્વયંભૂ અભિવ્યક્તિની પ્રશંસા કરી, જે આતંકવાદના અંતની શરૂઆત દર્શાવે છે. શ્રી અબ્દુલ્લાએ કાશ્મીરીઓની એકતા અને આતંકવાદને નકારવામાં તેમના અભૂતપૂર્વ જાહેર પ્રતિભાવ પર પ્રકાશ પાડ્યો. તેમણે આશા વ્યક્ત કરી કે જ્યારે લોકો એક થશે ત્યારે આતંકવાદનો અંત આવશે.

**(BYTE : OMAR ABDULLA)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# CHHATTISGARH - MAOISTS SURRENDERED

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે 24 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. તેમાંથી 14 માઓવાદીઓ પર 28 લાખ પચાસ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માઓવાદીઓએ CRPF અને જિલ્લા પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને પ્રોત્સાહન તરીકે સરકારની પુનર્વસન યોજના હેઠળ 50 હજાર રૂપિયાના ચેક આપવામાં આવ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં બીજાપુર જિલ્લામાં 200થી વધુ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

# Court - Tahavvur Rana

2008ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાખોર તહવ્વુર હુસૈન રાણાને આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની ખાસ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો. એજન્સીએ રાણાની 12 દિવસની વધારાની કસ્ટડી માંગતા પટિયાલા હાઉસ અદાલતે રાણાની કસ્ટડી 12 દિવસ માટે લંબાવી છે. રાણાના 18 દિવસના રિમાન્ડ આજે પૂર્ણ થયા.

મુંબઈ હુમલાના કાવતરાખોર ડેવિડ કોલમેન હેડલીના નજીકના સાથી રાણાને 4 એપ્રિલે અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. 2008ના મુંબઈ હુમલામાં 166 લોકો માર્યા ગયા હતા.

# BANGLADESHI DETENSION

પહલગામમાં આતંકી હુમલા બાદ ગુજરાત રાજ્યમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશી નાગરીકોને શોધવા માટે રાજ્યભરમાં શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે.

આ ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકે આજે ચંડોળા તળાવ વિસ્તારની મુલાકાત લઈ ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકોની મોટી સંખ્યામાં અટકાયત કરી હતી. શ્રી મલિકે બાંગલાદેશીઓ દ્વારા કરાયેલા ગેરકાયદેસર બાંધકામ, ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરવા અધિકારીઓને જરુરી સુચનાઓ આપી હતી.

મોરબી જિલ્લાનાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ-SOGએ મોરબીમાં ગેરકાયદે વસવાટ કરતા 10 જેટલા બાંગલાદેશીઓની અટકાયત કરી છે.

ગીર સોમનાથ પોલીસ દ્વારા ગીરની દરિયાઈ પટ્ટી અને જાહેર સ્થળો પર સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ગીર સોમનાથના પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ જણાવ્યુ કે, દરિયામાં અવરજવર કરતી તમામ બોટ અને માછીમારોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

# Delhi- Ayushman Bharat PM Vaya Vandana Yojana

કેન્દ્રીય પેટ્રોલિયમ અને ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે નવી દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી વય વંદના યોજનાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે લાભાર્થીઓને વયા વંદના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સંબોધતા શ્રી પુરીએ જણાવ્યું હતું કે આ યોજનાને વૈશ્વિક સ્તરે આરોગ્ય મોડેલ તરીકે જોવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે કેશલેસ સુવિધા આ યોજનાની એક મોટી વિશેષતા છે, જે અન્ય કોઈ આરોગ્ય યોજનામાં ઉપલબ્ધ નથી.

**(BYTE : HARDEEP PURI)**

# RUSSIA CEASEFIRE

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આવતા મહિને વિજય દિવસની ઉજવણીની 80મી વર્ષગાંઠ નિમિત્તે યુક્રેનમાં ચાલી રહેલા લશ્કરી કાર્યવાહીમાં 72 કલાકના યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આજે ક્રેમલિન દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધવિરામ 7-8 મેના રોજ મધ્યરાત્રિથી શરૂ થશે અને 10-11 મેના રોજ મધ્યરાત્રિ સુધી ચાલશે. નિવેદનમાં યુક્રેનને યુદ્ધવિરામનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

## Housie Murray

યમનના ઉત્તરીય પ્રાંત સાદામાં એક અટકાયત કેન્દ્ર પર અમેરિકી હવાઈ હુમલામાં 30 આફ્રિકન સ્થળાંતરીઓના મોત અને 50 ઇજાગ્રસ્ત થયા. હૌસી સંચાલિત અલ-મસીરા ટીવીએ જણાવ્યું હતું કે કાટમાળમાંથી 30 મૃતદેહો મળી આવ્યા છે અને 50 ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# IPL

I.P.L. ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી મેચમાં રાજસ્થાન રોયલ્સની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

છેલ્લા મળતા અહેવાલ મુજબ, ગુજરાત ટાઈટન્સે 6 ઑવરમાં વિના વિકેટે 53 રન બનાવ્યા છે.

# FISHERIES MEETING IN MUMBAI

કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી રાજીવ રંજન સિંહે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ 255 કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે ગુજરાત સહિતનાં દરિયાકિનારાનાં 7 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો હતો

મુંબઈમાં આજે યોજાયેલા "દરિયાકિનારાનાં રાજ્યોનાં મત્સ્યપાલન સંમેલન"માં પાંચમી દરિયાઈ મત્સ્યપાલન ગણતરીની કામગીરી, જહાજ સંદેશાવ્યવહાર અને સહાયક પ્રણાલી માટે કાર્યપ્રણાલિ જેવી મુખ્ય પહેલોનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે શ્રી સિંહે પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના હેઠળ લાભાર્થીઓને સૌપ્રથમ એક્વા ઇન્શ્યોરન્સ એનાયત કર્યો હતો. આજે 5મી મરીન સેન્સસ કામગીરીની શરૂઆત કરવામાં આવી છે.

આ સંમેલનમાં દરિયાકિનારાનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં રાજ્યપાલો અને મત્સ્યપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# Waves-Lekh Murugan

1 થી 4 મે દરમિયાન યોજાનાર વર્લ્ડ ઑડિઓ-વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ - WAVESના માધ્યમથી ભારત વૈશ્વિક સર્જનાત્મકતાના કેન્દ્રમાં છે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ મુરુગને જણાવ્યું હતું કે વેવ્ઝ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એક પરિવર્તનકારી ચળવળ છે. આ મીડિયા અને મનોરંજન ક્ષેત્રને ફરીથી વ્યાખ્યાયિત કરશે. તેમણે કહ્યું કે ભારતનો મીડિયા અને મનોરંજન ઉદ્યોગ 27 અબજ રૂપિયાનો છે અને વેવ્સ 2025 સર્જનાત્મકતા, નવીનતા અને ઉદ્યોગસાહસિકતામાં દેશના નેતૃત્વનો સંકેત આપે છે.

ડૉ. મુરુગને કહ્યું કે ભારતના યુવાનોને વેવ્ઝ પહેલથી ઘણો ફાયદો થશે. 29 વર્ષની સરેરાશ ઉંમર સાથે, ભારત માત્ર વિશ્વનો સૌથી યુવા દેશ નથી પણ સર્જનાત્મકતા અને નવીનતાના સંદર્ભમાં સૌથી ગતિશીલ દેશ પણ છે. WAVES 2025 યુવાનો માટે કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને વૈશ્વિક સહયોગના નવા ક્ષેત્રો ખોલશે.

# Sudan - Civilians killed

સુદાનની રાજધાની ખાર્તુમની ઉત્તરે આવેલા ઓમદુરમનમાં અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસે ઓછામાં ઓછા 31 નાગરિકોની હત્યા કરી છે. સ્વયંસેવકોના જૂથોએ જણાવ્યું હતું કે દળોએ પ્રદેશની અત્યાર સુધીની સૌથી ઘાતક સામૂહિક હત્યાકાંડને અંજામ આપ્યો હતો, જેમાં નાના બાળકોનો સમાવેશ થતો હતો. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.